# શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ



સંચાલિત

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ-લાખણી

## વાર્ષિક અહેવાલ :- ૨૦૨૨/૨૩

















# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

## વાર્ષિક અહેવાલ – વર્ષ ૨૦૨૨/૨૩

**-: સંપાદક :-**

શ્રી પ્રકાશકુમાર જી. સુથાર
ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસર,
ભારત દેશના ૭૫ યુવા લેખકોમાં સમાવિષ્ટ યુવા લેખક

**-: પ્રકાશક :-**

શ્રી બળવંતભાઈ વી. ચૌધરી
પ્રમુખશ્રી

શ્રી વિનોદભાઈ કે. પટેલ
મંત્રીશ્રી

શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી

**-: ડિઝાઇન એડિટિંગ :-**

શ્રી સુરેશભાઈ આર. ચૌધરી
કલાર્ક શ્રી
શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન & ચેરિટેબલ ટ્રસ્ટ, લાખણી


## શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

લાખણી – જસરા રોડ, નવા બસ સ્ટેશનની નજીક
મુ. પો. તા. – લાખણી, જિ. બનાસકાંઠા – ૩૮૫૫૮૧

99043 96983
@krishnaartscollege
Krishna_education_campus
Krishna Education Campus
www.krishnacollegelakhani.org

Mo. 94277 96321, 84019 52533, 99989 98242, 99792 13073

# -: અનુક્રમણિકા :-


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | પ્રાક્કથન | ૦૩ |
| ૨ | શૂન્યમાંથી સર્જન... | ૦૪ |
| ૩ | ટીમ ક્રિષ્ના | ૦૫ |
| ૪ | રાષ્ટ્રીય સેવા યોજના (*N.S.S.*) અહેવાલ | ૦૬ |
| ૫ | અમારા આંગણે મોંઘેરા મહેમાનો | ૦૭ |
| ૬ | પરિણામ | ૦૮ |
| ૭ | શિષ્યવૃત્તિ અહેવાલ | ૦૯ |
| ૮ | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ – વર્ષ :– 2022/23 | ૧૫ |




# -: પ્રાક્કથન :-

શિક્ષણએ વ્યક્તિત્વ ઘડતર, સમાજ અને રાષ્ટ્રનિર્માણ માટે પાયાનું અને અનિવાર્ય અંગ બની ગયું છે. ઉચ્ચશિક્ષણ સમાજને કુશળ, નિષ્ઠાવાન, મહેનતુ અને મૂલ્યવાન યુવાધન આપે છે. મૂલ્યવાન યુવાધન તૈયાર કરવાના ઉદ્દેશ સાથે લાખણી ખાતે માં હિંગળાજના સાનિધ્યમાં શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ નામે વર્ષ ૨૦૨૧માં એક નાનકડા શૈક્ષણિક બીજને વાવવામાં આવ્યું હતું. આ સંસ્થાના બીજા વર્ષના શૈક્ષણિક વર્ષ ૨૦૨૨/૨૩ ના "વાર્ષિક અહેવાલ"ને આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાનું સદ્દભાગ્ય અમને મળ્યું તે બદલ અમો ગૌરવાન્વિત છીએ.

શિક્ષકની નિષ્ઠા એજ શાળા-કોલેજની પ્રતિષ્ઠા છે. તેને પોતાનો જીવનમંત્ર બનાવીને અથાક પરિશ્રમના ફળરૂપે સંસ્થાએ ૯૧૮ વિદ્યાર્થીઓ અને વાલીઓના ભરોસાને પ્રતિપાદિત કર્યો છે. શાળા-કોલેજની શિક્ષણ યાત્રામાં સૌથી મહત્વની બાબત સૌ સંસ્થાને ઘર માનીને એક પરિવારના તાંતણે બંધાઈને સૌ કાર્ય કરી રહ્યા છે. પરિવારના સર્વે સદસ્યોનો હૃદયના ઉમળકાથી આભાર માનીએ છીએ.

કેમ્પસ સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક અને સહાભ્યાસિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત અને સંશોધન ક્ષેત્રે કૉલેજનું નામ સતત ધબકતું રહ્યું છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે-સાથે આર્થિક રીતે મદદ કરી શકાય તે માટે સરકારશ્રીની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓનો લાભ અપાવવામાં સંસ્થા જિલ્લામાં અગ્રેસર રહી છે.

કેળવણીનું કલ્પવૃક્ષ બનવા જઈ રહેલ સંસ્થાએ એક વર્ષમાં કરેલાં કાર્યોના લેખાં-જોખાંની યશગાથા દર્શાવતો અહેવાલ તૈયાર કરવાનો વિચાર કોલેજ પરિવારને આવ્યો. આ વિચારને હકીકતમાં ફેરવવાની જવાબદારી શ્રી પ્રકાશકુમાર સુથાર અને શ્રી સુરેશભાઈ ચૌધરીને સોંપવામાં આવી હતી. તેમણે જવાબદારીને સહર્ષ સ્વીકારીને સૌ સ્નેહીજનોના સાથ-સહકારથી તૈયાર કરેલ વાર્ષિક અહેવાલને રજૂ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

**ભવદીય– ટીમ ક્રિષ્ના**

# શૂન્યમાંથી સર્જન...

## ।। ज्ञात्वात्मस्थममृतं विश्वधाम ।।

પ્રાચીન સમયમાં ઉત્તર ગુજરાત આનર્ત પ્રદેશના નામે ઓળખાતું હતું. તેમાં વર્તમાનમાં બનાસકાંઠાના નામે ઓળખાતા જિલ્લાના પ્રદેશનો સમાવેશ થતો હતો. આ બનાસકાંઠા જિલ્લામાં આવેલા લાખણી તાલુકાનો ઈતિહાસના કાળપટ્ટમાં હિંદવાણી પ્રદેશમાં સમાવેશ થતો હતો.

લાખણી પંથકના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને દુનિયા સાથે કદમ મિલાવી શકે તે માટે અત્યાધુનિક શૈક્ષણિક સંકુલની અનિવાર્યતા જણાતાં તે હેતુને સિદ્ધ કરવા માટે શ્રી હિંગળાજકૃપા એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી.આ ટ્રસ્ટ દ્વારા લાખણી ખાતે શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસનો પાયો વર્ષ – જૂન, ૨૦૨૧માં નાખવામાં આવ્યો હતો. આ કેમ્પસમાં કૉલેજ શરૂ કરવા માટે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મંજૂરી માંગવામાં આવી. પરંતુ જૂના અને બિનવ્યવહારુ નિયમોના કારણે મંજૂરી મેળવવામાં ખૂબ અગવડતાઓ પડી હતી. પરંતુ લાંબા સંઘર્ષ બાદ યુનિવર્સિટી દ્વારા શરતી મંજૂરી આપવામાં આવતાં શ્રી ક્રિષ્ના આર્ટસ કૉલેજના નામાભિધાન સાથે શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૧માં પૂર્ણકાલિન કૉલેજ પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીની કઠિન શરતોને ખૂબ ટૂંકા સમયગાળામાં પરિપૂર્ણ કરીને મજબૂત ઈચ્છાશક્તિ અને સામૂહિક પ્રયાસોના પરિણામે સુંદર સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી. જેના પરિણામે લાખણી તાલુકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ ક્રિષ્ના આટ્ર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો.

શ્રી ક્રિષ્ના આટ્ર્સ કૉલેજ, લાખણીમાં વિનયન વિદ્યાશાખામાં મુખ્ય વિષય  તરીકે ગુજરાતી, અંગેજી, ઈતિહાસ અને સમાજશાસ્ત્ર  જેવા વિષયોમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે.

યુનિવર્સિટી દ્વારા બનાસકાંઠા જીલ્લામાં સૌપ્રથમવાર જૂન ૨૦૨૧માં શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસમાં ડિપ્લોમા ઈન હેલ્થ & સેનેટરી ઈન્સપેક્ટર કૉલેજને મંજૂરી આપવામાં આવી હતી. એસ. આઈ.  કૉલેજમાં વિદ્યાર્થીઓનો વ્યાપક પ્રતિસાદ મળતાં બીજું ડિવિઝન શરૂ કરવામાં આવ્યું  હતું.

ટ્રસ્ટ દ્વારા નાના બાળકોને પાયાના કૌશલ્ય સાથે જીવન ઘડતરના મૂલ્યોના  સિંચનની સાથે સાથે  ઘર આંગણે ગુણવત્તાલક્ષી શિક્ષણ, શિસ્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી પ્રાથમિક અને માધ્યમિક શાળા શરૂ કરવા માટેની મંજૂરી જૂન – ૨૦૨૨માં મળતાં કેમ્પસમાં બાલભવન – નર્સરી [પ્લે ગ્રૂપ], જુનિયર કે.જી. અને સિનિયર કે.જી. અને ધોરણ ૧ થી ૧૨ સુધીનું શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

કેમ્પસમાં હેલ્પલાઈન સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ સિવાય, વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં એપ્લિકેશન બનાવીને અત્યાધુનિક ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. આ સિસ્ટમ દરેક વાલીને બાળક શાળા–કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ મોકલે છે.

કેમ્પસમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું આયોજન સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. જેમાં  ભાગ લઈ વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી રહ્યા છે. કૉલેજની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓને ન્યૂઝ પેપરો અને ટી.વી. ચેનલોમાં સ્થાન આપીને પત્રકારશ્રીઓ વિદ્યાર્થીઓને અને કૉલેજ પરિવારને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે.

**ભવદીય– ટીમ ક્રિષ્ના**

# ટીમ ક્રિષ્ના

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રવીણભાઈ બી. વજીર | આચાર્યશ્રી–કોલેજ વિભાગ | M.A., B.ed., PhD |
| ૨ | શ્રી મહિપાલસિંહ એ. વાઘેલા | આચાર્યશ્રી–મા.& ઉ.મા. વિભાગ | M.A., M.ed. |
| ૩ | શ્રી સંજેશકુમાર આર. ચૌધરી | આચાર્યશ્રી–પ્રાથમિક વિભાગ | PTC, B.A. |
| ૪ | શ્રી પ્રકાશકુમાર જી. સુથાર | આસિ. પ્રોફેસર | M.A., M.Phil, PhD |
| ૫ | શ્રી થાંનાભાઈ એન. પટેલ | આસિ. પ્રોફેસર | M.A., M.ed. |
| ૬ | શ્રી લખનભાઈ એચ. દેસાઇ | આસિ. પ્રોફેસર | M.A. B.ed. |
| ૭ | શ્રી હાર્દિકકુમાર આર. પ્રજાપતિ | આસિ. પ્રોફેસર | M.A., PhD |
| ૮ | કુ. વર્ષાબેન એચ. ચૌધરી | શિક્ષિકા | M.A., B.ed. |
| ૯ | શ્રી મહેબૂબશા એ. જુણેજા | શિક્ષકશ્રી | M.A., B.ed. |
| ૧૦ | શ્રી કમલેશભાઈ બી. પરમાર | શિક્ષકશ્રી | M.sc., B.ed. |
| ૧૧ | શ્રી વિષ્ણુભાઈ એન. પંચાલ | શિક્ષકશ્રી | M.sc., B.ed. |
| ૧૨ | શ્રીમતિ ભાવનાબેન એસ. પ્રજાપતિ | શિક્ષિકા | PTC |
| ૧૩ | કુ. અસ્મિતાબેન કે. દેસાઇ | શિક્ષિકા | M.A. |
| ૧૪ | શ્રી સુરેશભાઇ આર. ચૌધરી | કલાર્કશ્રી | B.sc., B.ed. |
| ૧૫ | શ્રી વિષ્ણુભાઈ ડી. ચૌધરી | કલાર્કશ્રી | B.A. |
| ૧૬ | શ્રી મહેશભાઇ ડી. ચૌધરી | કલાર્કશ્રી | B.A., D.H.S.I. |

## સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા

| | | |
|---|---|---|
| એફ.વાય.બી.એ. | ૩૮૦ | કુલ સંખ્યા ૯૧૮ |
| એસ.વાય.બી.એ. | ૨૩૪ | |
| એસ.આઈ.કોલેજ | ૧૬૦ | |
| શાળા | ૧૪૪ | |

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી

## રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અહેવાલ

પ્રા. થાંનાભાઈ એન. પટેલ
પ્રોગ્રામ ઓફિસર

**શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં NSS અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**

હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજને NSS (રાષ્ટ્રીય સેવા યોજના)ની મંજૂરી તા. 03/09/2022 ના રોજ આપવામાં આવી હતી. તે સંદર્ભે NSS અભિમુખતા કાર્યક્રમનું આયોજન તા. 09/09/2022 ના રોજ કૉલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને NSS નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને NSS અંગેની સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ કૉલેજના વિદ્યાર્થીઓનું NSS માં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં NSS માં 50 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. થાંનાભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટીશ્રી તેજાભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, આચાર્યશ્રી પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા છે.

ત્યારપછી સમયાંતરે N.S.S. દ્વારા કૉલેજમાં સફાઈ અભિયાન, મતદાન જાગૃત્તિ અભિયાન, એઈડસ જન–જાગૃત્તિ અભિયાન, પર્યાવરણ બચાવો જેવા અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.






# અમારા આંગણે મોંઘેરા મહેમાનો








લાખણી તાલુકાની ઉત્કૃષ્ટ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા...

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ
## લાખણી

યુનિ.દ્વારા લેવાયેલ વર્ષ : ૨૦૨૧/૨૨નું પરિણામ

## Sem - I

| નામ | કુલ ગુણ ૬૦૦ માંથી મેળવેલ ગુણ | વિષય | મેળવેલ ટકા |
|---|---|---|---|
| ચૌધરી આશાબેન મનજીભાઈ | ૫૭૨ | સમાજશાસ્ત્ર | ૯૫.33% |
| ચૌધરી ભાવનાબેન રાજાભાઈ | ૫૬૩ | ઈતિહાસ | ૯૩.૮3% |
| ચૌધરી કિંજલબેન ચેલાભાઈ | ૫૫૩ | અંગ્રેજી | ૯૨.૧૬% |
| જુનેજા હમીરશા શુભાનશા | ૫૫૨ | અંગ્રેજી | ૯૨.૦૦% |
| ગોહિલ ગૌતમકુમાર નાગજીભાઈ | ૫૩૨ | અંગ્રેજી | ૮૮.૬૬% |
| પરમાર ચેતનાબેન નટવરજી | ૫૩૦ | ઈતિહાસ | ૮૮.33% |
| રાંટોતર કિરણભાઈ પ્રકાશભાઈ | ૫૨૨ | સમાજશાસ્ત્ર | ૮૭.૦૦% |
| દેસાઈ દશરથભાઈ રાંમાભાઈ | ૫૧૭ | સમાજશાસ્ત્ર | ૮૬.૧૬% |
| ચમાર જીનલબેન ભુરાભાઈ | ૫૧૭ | ઈતિહાસ | ૮૬.૧૬% |
| ચૌધરી મુકેશભાઈ રેવાભાઈ | ૫૧૬ | અંગ્રેજી | ૮૬.૦૦% |
| ચૌધરી હિતેશભાઈ ભારમલભાઈ | ૫૦૮ | ઈતિહાસ | ૮૪.૬૬% |

## Sem - II

| નામ | કુલ ગુણ ૬૦૦ માંથી મેળવેલ ગુણ | વિષય | મેળવેલ ટકા |
|---|---|---|---|
| ચમાર જીનલબેન ભુરાભાઈ | ૪૭૧ | ઈતિહાસ | ૭૮.૫૦% |
| પંચાલ કિંજલબેન ભરતભાઈ | ૪૭૦ | ઈતિહાસ | ૭૮.33% |
| ચૌધરી દિનેશભાઈ ભલાભાઈ | ૪૬૮ | ઈતિહાસ | ૭૮.૦૦% |
| ચૌધરી આશાબેન મનજીભાઈ | ૪૬૫ | સમાજશાસ્ત્ર | ૭૭.૫૦% |
| પરમાર મંજુબેન રમાભાઈ | ૪૬૫ | ઈતિહાસ | ૭૭.૫૦% |
| સોલંકી અલ્પેશભાઈ પ્રધાનજી | ૪૬૪ | સમાજશાસ્ત્ર | ૭૭.33% |
| પરમાર ચેતનાબેન નટવરજી | ૪૬૧ | ઈતિહાસ | ૭૬.૮3% |
| પ્રજાપતિ રિંકલબેન મશરૂભાઈ | ૪૫૮ | સમાજશાસ્ત્ર | ૭૬.33% |
| ચૌધરી સવિતાબેન સેમાભાઈ | ૪૫૫ | ગુજરાતી | ૭૫.૮3% |
| ચૌધરી હિતેશભાઈ ભારમલભાઈ | ૪૫૧ | ઈતિહાસ | ૭૫.૧૬% |
| ચૌધરી દિનેશભાઈ માધાજી | ૪૪૮ | ઈતિહાસ | ૭૪.૬૬ |

જસરા રોડ, નવા બસ સ્ટેન્ડની નજીક, મુ.પો.તા.લાખણી.

# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ-લાખણી

## શિષ્યવૃત્તિ અહેવાલ

પ્રા. પ્રવિણભાઈ બી. વઝીર
નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ

### નેશનલ સ્કોલરશિપ યોજના – 2022/23

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાય માટે કેન્દ્રની શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે ઉતીર્ણ (ધોરણ-12 માં 80+ PR ધરાવતા) થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પુરા કરે ત્યાં સુધી દર વર્ષે રૂ. 12,000/- શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં ગત વર્ષે પ્રવેશ મેળવેલ અને હાલ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા 11 વિદ્યાર્થીઓને (રીન્યુઅલ શિષ્યવૃત્તિનો) લાભ મળ્યો છે. આ વર્ષે - 2022/23 માં 80+ PR ધરાવતા પ્રવેશ મેળવેલ 83 વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે.

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન સ્કોલરશિપ યોજના - 2022/23

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાય થવા માટે રાજ્ય સરકારની મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ 12 માં ઉચ્ચ મેરીટ સાથે (ધોરણ - 12 માં 80+ PR ધરાવતા) ઉતીર્ણ થયેલ અને કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પુરા કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજમાં હાલ બીજા વર્ષમાં અભ્યાસ કરતા 08 વિદ્યાર્થીઓને (રીન્યુઅલ શિષ્યવૃત્તિનો) લાભ મળ્યો છે. આ વર્ષે 2022/23 માં 80+ PR ધરાવતા પ્રવેશ મેળવેલ 86 વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે.

| Sr. No. | Student's Name | PR |
|---|---|---|
| S.Y.B.A. (MYSY - Renewal) | | |
| 1 | HAMIRSHA SHUBHANSHA JUNEJA | 96.74 |
| 2 | JAMNABEN SAMJIBHAI CHAUDHARY | 84.95 |
| 3 | KINJALBEN CHELABHAI CHAUDHARY | 83.71 |
| 4 | MANGALSINH MAHENDRASINH VAGHELA | 82.66 |
| 5 | ANITABEN BALKABHAI RABARI | 81.56 |
| 6 | ASHOKBHAI SHIVARAMBHAI CHAUDHARY | 81.56 |

| | | |
|---|---|---|
| 7 | NAYANABEN MANGALAJI SUTHAR | 80.73 |
| 8 | JANAKKUMAR HARIBHAI CHAUDHARI | -- |
| **F.Y.B.A. (MYSY - Fresh)** | | |
| 1 | ALKABEN NARPATBHAI CHAUDHARI | 99.59 |
| 2 | PINABEN NAGJIBHAI CHAUDHARY | 98.71 |
| 3 | PARESHKUMAR VALABHAI CHAUDHARY | 98.52 |
| 4 | HARESHKUMAR DANABHAI KUMBHAR | 98.26 |
| 5 | ARATIBEN BHOPABHAI BHRAMAN | 98.12 |
| 6 | AMITABEN VELABHAI CHAUDHARI | 98.12 |
| 7 | POOJABEN DAHYALAL BAROT | 98.05 |
| 8 | DIMPALBEN AMBABHAI CHAUDHARY | 97.90 |
| 9 | PINKALBEN RAJABHAI CHAUDHARI | 97.27 |
| 10 | NIKITABEN JAYANTIBHAI PRAJAPATI | 97.26 |
| 11 | ARUNABEN PRAVINBHAI SUTHAR | 96.94 |
| 12 | SHILPABEN DHARMASHIBHAI PRAJAPATI | 96.94 |
| 13 | SURESHKUMAR GANESHBHAI CHAUDHARY | 96.28 |
| 14 | SANJAYBHAI NATHABHAI VYAS | 96.04 |
| 15 | JIGNYABEN SAVAJIBHAI RAJPUT | 95.92 |
| 16 | KIRANBEN BALVANTJI VAGHELA | 95.66 |
| 17 | ARTIBEN RAMESHBHAI VAJIR | 94.99 |
| 18 | SOBHAGBEN BHAGABHAI AJYOR | 94.85 |
| 19 | NARESHBHAI OKHABHAI CHAUDHARY | 94.70 |
| 20 | NARMADABEN NASHABHAI CHAUDHARY | 94.70 |
| 21 | SUMITABEN DIPABHAI CHAUDHARI | 94.41 |
| 22 | GOVABHAI KALABHAI PARMAR | 93.78 |
| 23 | NIPABEN VAHJIJI SOLANKI | 93.78 |
| 24 | LATABEN HARCHANDJI THAKOR | 93.61 |
| 25 | PARAJIBHAI AYADANJI RATHOD | 93.28 |
| 26 | KIRANBHAI MOTAJI CHAUDHARY | 93.11 |
| 27 | RASILABEN MAYARAMBHAI HADIYAL | 92.78 |
| 28 | NIKITABEN SONABHAI CHAUDHARI | 92.59 |
| 29 | HETALBEN RAMESHBHAI PRAJAPATI | 92.59 |
| 30 | KALPESHBHAI VARDHABHAI LUHAR | 92.59 |
| 31 | JAYSHRIBEN DHUDABHAI CHAUDHARI | 92.40 |
| 32 | DARIYABEN JIVABHAI CHAUDHARY | 91.85 |
| 33 | BHAVANABEN SAVABHAI CHAUDHARY | 91.85 |
| 34 | NAYANABEN BHALABHAI LUHAR | 91.29 |
| 35 | SIDHDHIBEN INDRAKUMAR PUROHIT | 91.29 |
| 36 | YASHPALBHAI DINESHBHAI KHOLVADIYA | 91.09 |
| 37 | ANJALIBEN JAYANTILAL PARMAR | 90.91 |
| 37 | VYOMESHBHAI KASTURBHAI SUTHAR | 90.91 |
| 38 | PUJABEN RAMESHBHAI PUROHIT | 90.70 |
| 39 | ALPESHBHAI BHURAJI PRAJAPATI | 90.50 |
| 40 | INABEN SUBABHAI SOLANKI | 90.29 |
| 41 | JAYSHREEBEN HIRABHAI CHAUDHARI | 90.05 |

| | | |
|---|---|---|
| 42 | ANJUBEN LILABHAI PARMAR | 89.87 |
| 43 | BHARATBHAI OMBABHAI CHAUDHARY | 89.87 |
| 44 | JIGARBHAI JORABHAI BHANGI | 89.87 |
| 45 | VARSHABEN MOTIBHAI CHAUDHARY | 89.87 |
| 46 | REKHABEN JAVERJI CHAVDA | 89.44 |
| 47 | DAXABEN VIRMABHAI PARMAR | 89.44 |
| 48 | CHETANBHAI CHELABHAI CHAUDHARI | 88.56 |
| 49 | ALPESHGIRI UTTAMGIRI GAUSWAMI | 88.56 |
| 50 | VARDAN DINABHAI MAKWANA | 88.56 |
| 51 | KIRTIBHAI MANABHAI CHAUDHARI | 88.34 |
| 52 | PAYALBEN NANAJIBHAI SOLANKI | 87.88 |
| 53 | SAUBHAGBEN KESARAJI CHAUDHARY | 87.88 |
| 54 | PRAKASHBHAI MANSUNGABHAI KOLI | 87.17 |
| 55 | JIGNABEN THAKARIJI RAJPUT | 87.17 |
| 56 | YOGESHKUMAR JYOTISHBHAI MALI | 86.94 |
| 57 | MAMTABEN PRABHABHAI RABARI | 86.45 |
| 58 | PAYALBEN JAGATABHAI CHAUDHARI | 86.45 |
| 59 | NANUBEN BHURABHAI VAGHELA | 86.21 |
| 60 | JAYNABEN BHEMABHAI CHADHARY | 86.21 |
| 61 | SARASVATIBEN DALAJI PUROHIT | 85.19 |
| 62 | RINKALBEN RAJABHAI CHAUDHARY | 85.19 |
| 63 | HITESHBHAI PIRAJI RATHOD | 84.93 |
| 64 | VADANBHAI KASTURJI MAKVANA | 84.93 |
| 65 | MAHESHKUMAR PUNMABHAI CHAUDHARI | 84.41 |
| 66 | DARIYABEN NARASIHBHAI SOLANKI | 84.41 |
| 67 | MITALBEN CHELABHAI CHAUDHARY | 84.15 |
| 68 | NARANBHAI BHAGABHAI CHAUDHARI | 83.89 |
| 69 | PAYALBEN BHARATBHAI SOLANKAI | 83.89 |
| 70 | NAVNITABEN BHURAJI KAPADI | 83.62 |
| 71 | NAYANABEN MULABHAI CHAUDHARY | 83.35 |
| 72 | DALPATBHAI CHENAJI MAKVANA | 83.35 |
| 73 | USNABEN ANADABHAI VAGHELA | 83.07 |
| 74 | ALKABEN HEMRAJBHAI CHAUDHARY | 82.80 |
| 75 | KARSHANBHAI NASHABHAI CHAUDHARY | 82.52 |
| 76 | HETALBEN MASRUBHAI RABARI | 82.52 |
| 77 | KOMALBEN UKABHAI VALMIKI | 81.99 |
| 78 | PRINIBEN BHARATBHAI PARMAR | 81.70 |
| 79 | KANCHANBEN VARDHAJI PUROHIT | 81.42 |
| 80 | BHARATIBEN DHUNKHABHAI CHAUDHARY | 81.42 |
| 81 | REKHABEN NAGABHAI CHAUDHARY | 81.15 |
| 82 | DHAVALBHAI RAVJIBHAI LUHAR | 80.61 |
| 83 | MAMTABEN PUNAMABHAI CHAUDHARY | 80.61 |
| 84 | SALAMANKHAN DHINAMAMDKHAN SIPAI | 80.61 |
| 85 | ASHABEN MAGANBHAI PARMAR | 80.43 |
| 86 | DIPIKABEN PRAKASHBHAI BAROT | --- |

## માનનીય મુખ્યમંત્રીશ્રી સ્કોલરશિપ યોજના-૨૦૨૨/૨૩

શિક્ષણની સાથે સાથે શારીરિક રીતે અશક્ત અને અપંગ વિદ્યાર્થીઓને આર્થિક રીતે ભણવામાં સહાય થવા માટે રાજ્ય સરકારની માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સરકારની આ યોજનામાં દર વર્ષે એમ કૉલેજના ત્રણ વર્ષ પુરા કરે ત્યાં સુધી દર વર્ષે ફીના 50% શિષ્યવૃત્તિનો લાભ મળવા પાત્ર છે. જેમાં શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરતા 02 વિદ્યાર્થીઓને Renewal Scholarship નો લાભ મળ્યો છે. આ વર્ષે 2022/23 માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા 02 છે.

| Sr. No. | Student's Name | PR |
|---|---|---|
| S.Y.B.A. (NSP Renewal) | | |
| 1 | PATEL VASRAMBHAI BHIKHABHAI | 34.30 |
| 2 | CHAUDHARI BHARATBHAI HARJIBHAI | 33.30 |
| F.Y.B.A. (NSP Fresh) | | |
| 3 | VAGHELA KIRANBEN BALAVANTJI | 95.66 |
| 4 | THAKOR BHARMALBHAI KARSHANJI | 68.15 |

## ડિજિટલ ગુજરાતની વિવિધ શિષ્યવૃત્તિની યોજનાઓ

**શ્રી સુરેશભાઈ આર. ચૌધરી**

**નોડલ ઓફિસર અને સંયોજક - શિષ્યવૃત્તિ સમિતિ**

વિદ્યાર્થીઓને ભણવામાં આર્થિક સહાય માટે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેનાં ઓનલાઈન ફોર્મ ડિજિટલ ગુજરાતની વેબસાઇટ પર ભરવામાં આવે છે. રાજ્ય સરકારની આ યોજનાનો આર્ટ્સ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા 582 વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. જેમાં SC વિદ્યાર્થીઓને રૂ. 13,500, ST વિદ્યાર્થીઓને રૂ. 11,000 અને OBC / EWS વિદ્યાર્થીઓને રૂ. 8000 શિષ્યવૃત્તિ મળી છે.

| Cast | SC | ST | OBC / EWS | TOTAL |
|---|---|---|---|---|
| Total | 92 | 14 | 476 | 582 |





# લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં લગાવવામાં આવી ફિંગરપ્રિન્ટ સિસ્ટમ



**વિદ્યાર્થીઓ કેમ્પસમાં પ્રવેશતાં અને છૂટતાં ફિંગરપ્રિન્ટ દ્વારા વાલીઓને મેસેજ મોકલાય છે! ઉત્તર ગુજરાતમાં એકમાત્ર લાખણીની ક્રિષ્ના કોલેજમાં ફિંગરપ્રિન્ટ સિસ્ટમ**

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

આજના સાંપ્રત સમયમાં શિક્ષણની સાથે સાથે શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને કાયમ એક ચિંતા રહેતી હોય છે, કે બાળક શાળાએ પહોંચી ગયુ હશે કે કેમ? શાળાએથી ક્યારે છુટશે? આવા પ્રશ્નોના સમાધાન માટે બનાસકાંઠા જિલ્લાના લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં એક સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

વાલીઓની ચિંતા ઓછી કરવા માટે કેમ્પસમાં કેમ્પસ એપ્લિકેશન બનાવીને ખાસ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં કેમ્પસમાં વિદ્યાર્થી પ્રવેશે ત્યારે અને છૂટે ત્યારે ફેશ ડિટેક્ટ મશીનમાં ફેશ અને ફિંગર પ્રિન્ટ આપે છે. વિદ્યાર્થી સિસ્ટમની પ્રક્રિયા પૂર્ણ કરે તેની બે સેકન્ડમાં જ મશીન દ્વારા સીધો મેસેજ વાલીને મોકલવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી ગેરહાજર હોય તો પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી ગેરહાજરનો મેસેજ મોકલવામાં આવે છે. લાખણીના શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં આ સિસ્ટમ જૂન ૨૦૨૧થી કાર્યરત છે. કેમ્પસ દ્વારા વિકસાવવામાં આવેલી સિસ્ટમે વાલીઓને ચિંતા મૂક્ત કર્યાં છે. હાલમાં દરેક વાલીને બાળક શાળા કોલેજમાં પહોંચ્યાનો અને છૂટ્યાનો સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

આ રીતે કામ કરે છે સિસ્ટમ

૧. કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી માટે સોફટવેરની સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

૨. સિસ્ટમમાં એન્ટ્રી કરવા માટે વિદ્યાર્થીઓના ફેશ અને ફિંગર પ્રિન્ટ રેકર્ડ કરવામાં આવેલા છે.

૩. વિદ્યાર્થી કેમ્પસમાં પ્રવેશે ત્યારે સિસ્ટમમાં ફેશ ડિટેક્ટ કરે છે અને ફિંગર આપે છે.

૪. દરેક વિદ્યાર્થીને સિસ્ટમમાં હાજરી પૂર્યા પછી જ ક્લાસરૂમમાં પ્રવેશ આપવામાં આવે છે.

૫. વિદ્યાર્થી શાળા-કોલેજ પૂરી કરીને નીકળે ત્યારે એજ પ્રક્રિયામાંથી પસાર થાય છે.

૬. આ સિસ્ટમ વિદ્યાર્થીઓનો આવવા - જવાનો રેકર્ડ સંગ્રહિત કરે છે.

૭. સિસ્ટમમાં દરેક વિદ્યાર્થીનાં નામ, રોલ નંબર અને વાલીઓના મોબાઈલ નંબર સ્ટોર કરેલા છે.

૮. વિદ્યાર્થી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ બે સેકન્ડમાં જ વાલીને સમય તારીખ સાથેનો મેસેજ પહોંચી જાય છે.

૯. વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં ગેરહાજર રહેતો વાલીઓને મેસેજ મોકલાય છે.

વાલીઓની ચિંતા હળવી કરવા માટે સંસ્થા દ્વારા આધુનિક ટેક્નોલોજીથી સક્ષ્ફ સોફટવેર વિકસાવવામાં આવ્યું છે. વિદ્યાર્થી શાળા કોલેજમાં આવતાં અને જતાં ફેશ ડિટેક્ટ અને ફિંગર આપે છે. જેના કારણે વાલીઓ નિર્ભય રીતે બાળકને ભણવા મુકી રહ્યાં છે.

- પ્રવિણભાઈ વજીર

આચાર્યશ્રી, શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ આ સિસ્ટમનો લાભ કેમ્પસમાં ચાલતી શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, શ્રી ક્રિષ્ના એસ. આઈ. કોલેજ, હાઈસ્કૂલ અને પ્રાથમિકના વિદ્યાર્થીઓને મળે છે.










Shree Krishna Education Campus Lakhani







सुस्वागतम्

# લાખણીની શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં પ્રવેશોત્સવ યોજાયો







**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

લાખણી:- આજરોજ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં ધોરણ ૧ થી ૧૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. ઉનાળુ વેકેશન પૂર્ણ કરીને શાળાઓનો આરંભ થયો છે, ત્યારે શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરીને ગોળ ધાણા ખવડાવીને આવકારવામાં આવ્યાં હતાં. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શાળાના આચાર્ય મહિપાલસિંહ વાઘેલા સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



## શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજ, લાખણીમાં યોગ દિવસની ઉજવણી

**ગાંધીનગર મેટ્રો, તા. ૨૨**

લાખણી:- લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આટ્ર્સ કોલેજ, લાખણીમાં માનવતા માટે યોગની થીમ અંતર્ગત વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ યોગાસનો અને સૂર્ય નમસ્કાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટાફગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં

# પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો



**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

આજરોજ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં પ્રથમ વર્ષ બી.એ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. ઉનાળુ વેકેશન પૂર્ણ કરીને કોલેજમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે, ત્યારે શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરીને ગોળ ધાણા ખવડાવીને આવકારવામાં આવ્યાં હતાં. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કોલેજના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી તેજાભાઈ એન. પટેલ, વિનોદભાઈ કે. પટેલ, કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં પ્રથમ વર્ષ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**






લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં કૃષ્ણં વન્દે જગદ્‌ગુરુની થીમ ઉપર ગુરુપૂર્ણિમાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગીત સ્પર્ધા અને વક્તવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ગીત સ્પર્ધામાં રૂખી ચૌધરી, મંજુ ચૌધરી, નિકિતા ચૌધરી, દક્ષા પરમાર અને કિંજલ માજીરાણા અને વક્તવ્ય સ્પર્ધામાં ગૌતમ ગોહિલ, અંજલી પરમાર અને કિંજલ માજીરાણાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, આર્ટ્સ કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં ગીત અને વક્તવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**




લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં કૃષ્ણં વન્દે જગદ્‌ગુરુની થીમ ઉપર ગુરુપૂર્ણિમાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગીત સ્પર્ધા અને વક્તવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. ગીત સ્પર્ધામાં હાઈસ્કૂલ વિભાગમાં મધુ ચૌધરી અને મિત્તલ ચૌધરી, પ્રાથમિક વિભાગમાં ધરતી ચૌધરી, શક્તિ ગૌસ્વામી, ખુશી પંચાલ અને વક્તવ્ય સ્પર્ધામાં હાઈસ્કૂલ વિભાગમાં મનિષા ચૌધરી અને પ્રાથમિક વિભાગમાં ઉર્મિલા ચૌધરીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, હાઈસ્કૂલના આચાર્ય મહિપાલસિંહ વાઘેલા, પ્રાથમિક શાળાના આચાર્ય સંજેશભાઈ ચૌધરી સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ લાખણીમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

લાખણી ખાતે આવેલ શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં એમ.ડી.ગોહેલ મામલતદારશ્રી લાખણીના અધ્યક્ષસ્થાને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

કાર્યક્રમમાં મામલતદારશ્રીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અને તેમના



જીવનના અનુભવો કહીને વર્તમાન સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કઇ રીતે સફળતા મેળવી શકાય તે અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં લાખણીના મામલતદાર શ્રી એમ. ડી. ગોહેલ, લાખણી તાલુકા ભાજપના પ્રમુખશ્રી બાબરાભાઈ એન. ચૌધરી, સંસ્થાના પ્રમુખશ્રી બળવંતભાઈ વી. ચૌધરી, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી તેજાભાઈ એન. પટેલ, મંત્રીશ્રી વિનોદભાઇ પટેલ, કોલેજના આચાર્યશ્રી પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં ઈ -એફ. આઈ. આર. અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો




**ગાંધીનગર મેટ્રો, તા. ૨૯**

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ અને આગથળા પોલિસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સરકારના ગૃહ વિભાગની ઈ - એફ. આઈ. આર. એપ્લિકેશન અંગેનો જનજાગૃતિ માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આગથળા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.બી.દેવડાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. જે. વી. કુકલ, યુ.એચ.સી. લક્ષ્મણસિંહ ઝાલા સહિત પોલીસ સ્ટાફે ઉપસ્થિત રહીને ઈ - એફ. આઈ. આર. થકી જુદી જુદી ચૌદ જેટલી સુવિધાઓ માટે ઓનલાઈન ફરિયાદ કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ જનજાગૃતિ માર્ગદર્શન સેમિનારમાં આગથળા પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી તેજાભાઈ એન. પટેલ, મંત્રી શ્રી વિનોદભાઈ પટેલ, સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રમતોત્સવ







## શ્રી ક્રિષ્ના વિદ્યાલય લાખણીમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું



ફોટો | દેવજી રાજપુત પ્રતાપ પરમાર

લાખણી : આજરોજ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના ભાગરૂપે એક દિવસીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પૈકી બાળકોએ લીંબુ ચમચી, સિક્કા શોધ, કોથળા દોડ, ફુગ્ગા ફોડ, ત્રિપગી દોડ, જંપ દોડ જેવી વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં કુલ ૪૪ વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. રમતોત્સવ દરમ્યાન સંસ્થાના પ્રમુખશ્રી બળવંતભાઈ ચૌધરી, ટ્રસ્ટીશ્રી તેજાભાઈ પટેલ, મંત્રીશ્રી વિનોદભાઈ પટેલ, હાઈસ્કૂલના આચાર્ય મહિપાલસિંહ વાઘેલા અને પ્રાથમિકના આચાર્ય સંજેશભાઈ ચૌધરી સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.








# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું




તસવીર-અહેવાલ : મુકેશ સોની





(બનાસ ગૌરવ, લાખણી) તા.૨૩ લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ ૧૦૦ જેટલાં વૃક્ષો વાવીને દત્તક લીધાં હતાં. વૃક્ષારોપણ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ બળવંતભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ પટેલ, હાઈસ્કૂલના આચાર્ય મહિપાલસિંહ વાઘેલા, પ્રાથમિક શાળાના આચાર્ય સંજેશભાઈ ચૌધરી સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય લાખણીમાં હિંદ છોડો દિવસની ઉજવણી કરવામાં આવી

**ગુજરાત ક્રાઇમ બુલેટીન**
**મુકેશ સોની, લાખણી**

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત હિંદ છોડો ઐતિહાસિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



કાર્યક્રમમાં મનિષા ચૌધરી, પ્રિયા ચૌધરી, મધુ ચૌધરી, મિત્તલ ચૌધરીએ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતાં. મનિષા ચૌધરીએ હિંદ છોડો ચળવળથી સૌને વાકેફ કર્યા હતા. ત્યારબાદ ધોરણ - આઠ અને નવના વિદ્યાર્થીઓએ હિંદ છોડો ચળવળ ઉપર નાટક રજૂ કર્યું હતું. અંતમાં હાઈસ્કૂલના આચાર્ય મહિપાલસિંહ વાઘેલાએ પ્રાસંગિક ઉદબોધન કરીને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો. કાર્યક્રમમાં સ્ટાફ ગણ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તિરંગા યાત્રાનું આયોજન




Shree Krishna education campus Lakhani
vivo T1 Pro
Aug 13, 2022, 15:30








# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



# રક્ષાબંધન પર્વની ઉજવણી







# શિક્ષક દિનની ઉજવણી






# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



બી.કે.ન્યૂઝ : લાખણી

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજમાં વિદ્યાર્થીઓમાં મતદાન અંગેની જાગૃતિ આવે તે હેતુથી માર્ગદર્શન સેમિનારનું આયોજન લાખણી મામલતદાર એમ.ડી. ગોહેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં મતદાન અંગેની જાગૃતિ આવે તે માટે ચૂંટણીનું મહત્વ, એક વોટના મૂલ્ય અંગે સમજાવવામાં આવ્યું હતું. છેલ્લે ચૂંટણીકાર્ડને આધારકાર્ડ સાથે લિંક કરવાની પ્રક્રિયા અને એપ્લિકેશન વિશે સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મામલતદાર એમ.ડી. ગોહેલ, કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર, ચૂંટણી શાખાના કલાર્ક ગુણવંતભાઈ વરણ સહિત કોલેજ સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.









# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી

લાખણી ખાતે આવેલા ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત વિદ્યાલયમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વક્તવ્ય સ્પર્ધામાં કિંજલબેન, નિકુલબેન, પ્રિયાબેન, ધ્રુવભાઈ અને ગીત સ્પર્ધામાં મયુરભાઈ, પ્રેમીબેન, નવ્યાબેન, પ્રિયાબેન, અવનીબેન, કેલમબેન અને ડાન્સમાં શક્તિબેન, ખુશીબેન, ઉર્મિલાબેન, નિશાબેન, ભૂમિકાબેન, વિનાબેન, ધરતીબેન, ધૃવ પ્રજાપતિ વગેરેએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણીમાં કાનૂની માર્ગદર્શન આપવામાં આવ્યું



**ગાંધીનગર મેટ્રો, તા.૦૧**

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં લાખણી તાલુકા કાનૂની સેવા સમિતીના સહયોગથી ક્રિષ્ના વિદ્યાલય અને ક્રિષ્ના આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે કાનૂની માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં કાનૂની સલાહ અને સહાય ક્યાંથી અને કેવી રીતે મળી શકે અને વિદ્યાર્થીઓના પ્રશ્નોને કઈ હલ કરી શકાય અને પોક્સો એક્ટ, જાતિય સતામણી અને કાનૂની સેવા અંતર્ગત આવતા કાયદાઓ અને બંધારણે આપેલા હકો અંગે એડવોકેટ શાંતિભાઈ માળીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્રમમાં લાખણી તાલુકા કાનૂની સેવા સમિતિના સદસ્યો અને સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીમાં અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો


(ભરત દવે)

બી.કે.ન્યૂઝ : લાખણી

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસની અંગદાન સંકલ્પ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અંગદાન અંગે માહિતગાર કરીને અંગદાનનું મહત્વ સમજાવતી શોર્ટ ફિલ્મ તર્પણ બતાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને અંગદાન અભિયાનમાં જોડાવવા અને અન્ય લોકો સુધી માહિતી પહોંચાડી અન્ય વ્યક્તિને જીવનદાન મળે તેમાં સહભાગી થવા માટે સૂચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લાખણી વિસ્તારમાં અંગદાનની પ્રવૃત્તિ સાથે જોડાયેલા ટી.પી.રાજપૂત, પ્રમુખ બળવંતભાઈ ચૌધરી, કોલેજના આચાર્ય પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ અંગદાન કરવાનો સંકલ્પ કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.






# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીમાં વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવ્યું


(ભરત દવે)

બી.કે.ન્યૂઝ : લાખણી

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં સમધારા અંતર્ગત રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને કેશગૂંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રંગોળી સ્પર્ધામાં જિજ્ઞાબેન ટી. રાજપૂત, જિજ્ઞાબેન એસ. રાજપૂત, રેખાબેન ઠાકોર, નિશાબેન સોલંકી, કેશગૂંફન સ્પર્ધામાં જિજ્ઞાબેન એસ. રાજપૂત અને મહેંદી સ્પર્ધામાં રીંકલબેન પ્રજાપતિએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં આચાર્ય પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.







# ગરબા મહોત્સવ



લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ગીત, સંગીત અને નૃત્યધારા અંતર્ગત આદ્યશક્તિ મા જગદંબાના નવલા નોરતાં નિમિત્તે એક દિવસીય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા ઉત્સવનો પ્રારંભ મા અંબાની આરતી કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રાદેશિક વેશભૂષાઓમાં સજ્જ થઈને શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ મન મૂકીને ડી.જે.ના તાલે ગરબે ઘૂમ્યા હતા. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીમંડળ, સ્ટાફ ગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.









# ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ લાખણીમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણી સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ અને એન.એસ.એસ. પ્રકલ્પના સંયુક્ત ઉપક્રમે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિધાનસભા ચૂંટણી - ૨૦૨૨ ના સંદર્ભે યુવા મતદારોમાં જાગૃતિ લાવવા અને અવશ્ય મતદાન કરીને લોકશાહીના પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લે તે હેતુસર સિગ્નેચર કેમ્પેઈન અને મતદાન જાગૃતિ અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમમાં આર્ટસ કોલેજના આચાર્યશ્રી પ્રવિણભાઈ વજીર સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના એજ્યુ. કેમ્પસ લાખણીમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી



લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં ક્રિષ્ના આર્ટસ કોલેજ અને ક્રિષ્ના વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને બંધારણ વિશેની માહિતી આપીને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ સિવાય, સંવિધાન પ્રોગ્રામનું નિદર્શન કરીને વક્તવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કિંજલ ચૌધરી, મહિપાલ ખોલવાડીયા અને નિકુલ ચૌધરીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં સ્ટાફગણ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ લાખણીમાં એઇડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી




જનસેતુ,લાખણી : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને એઈડ્સ વિશે સમજ આપી જાગૃતિ અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. એઈડ્સ જાગૃતિ અને મતદાન જાગૃતિ અંગેના બેનર સાથે રેલી કાઢવામાં આવી હતી. કાર્યક્રમમાં આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર અને એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર થાંનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.






# ગીત સ્પર્ધાનું આયોજન





# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીના ત્રીસ છાત્રોએ નેશનલ સેમિનારમાં ભાગ લીધો

લાખણી : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં બી. એ. સેમ - ૩ માં અભ્યાસ કરતા ત્રીસ વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ સંશોધન કેન્દ્ર અને શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, દ્વારા આયોજિત એક દિવસીય નેશનલ સેમિનારમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નેશનલ સેમિનારમાં ભાગ લઈને આઝાદીની ચળવળમાં ભાગ લેનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશેની માહિતી મેળવી હતી.

## શ્રી ક્રિષ્ના પ્રાથમિક વિદ્યાલય, લાખણીમાં માટીકામ સ્પર્ધા યોજાઈ



તસવીર-અહેવાલ: નરસિંહ પ્રજાપતિ

જનસેતુ,લાખણી : શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના પ્રાથમિક વિદ્યાલયમાં સપ્ત ધારા અંતર્ગત માટીકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોમાં કંઈક નવીન જાતે બનાવવાનો ગુણ કેળવાય અને સાથે સાથે માટીનું મહત્વ અને માટી કળાને ભૂલવાને બદલે ફરીથી તેની કળા ઉજાગર થાય તે હેતુથી માટીકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને માટીમાંથી અવનવી વસ્તુઓનું નિર્માણ કર્યું હતું. જેમાં સ્ત્રીનું શિલ્પ, રસોડાં સેટ, ઘરનું રાચરચીલું, પશુ- પક્ષીઓનાં શિલ્પ જેવી અલગ અલગ વસ્તુઓ બનાવી હતી.

## ચિત્ર સ્પર્ધાનું આયોજન



# શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજ, લાખણીમાં રમતોત્સવ યોજાયો




તસવીર-અહેવાલઃ નરસિંહ પ્રજાપતિ

જનસેતુ,લાખણી : લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના આર્ટસ કોલેજમાં ખેલકૂદ ધારા અંતર્ગત એકદિવસીય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કબડ્ડી અને વોલીબોલ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈઓ અને બહેનોની ત્રણ-ત્રણ મેચો રમાડવામાં આવી હતી. ભાઈઓમાં દેવરાંમ, અનિલ, સાગર, કિરણ, શિવા, મનુ અને પરબતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. બહેનોમાં અલકા, નર્મદા, હેતલ, અંજુ, રિંકલ અને દક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતુ. કાર્યક્રમમાં આચાર્ય શ્રી પ્રવિણભાઈ વજીર, એન.એસ. એસ. ના પ્રોગ્રામ ઓફિસર થાનાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને સ્પર્ધકોના ઉત્સાહને વધાર્યો હતો.









# શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસ, લાખણીમાં યુવા દિવસની ઉજવણી કરવામાં આવી



લાખણી ખાતે આવેલા ક્રિષ્ના આર્ટસ કોલેજ અને ક્રિષ્ના વિદ્યાલયમાં સ્વામી વિવેકનંદજીના જન્મદિનને રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વકતવ્ય રજૂ કરીને સ્વામીજીના વિચારોને વાગોળ્યા હતા. આ સિવાય, ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.






# ઉત્તરાયણ પર્વની ઉજવણી







# પ્રજાસત્તાક દિનની ઉજવણી







# શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ, લાખણીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસમાં શ્રી ક્રિષ્ના વિદ્યાલય અને શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે ૭૪માં પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.  ધ્વજવંદન કરીને ડાન્સ, ગરબો, નાટક, વક્તવ્ય અને દેશભક્તિગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ સિવાય, સંસ્થામાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.




































શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ લાખણી
આપનું હાર્દિક સ્વાગત કરે છે.

# લાખણી કોલેજમાં માતૃભાષા દિવસની ઉજવણી



લાખણી ખાતેની ક્રિષ્ના આર્ટ્સ કોલેજ અને ક્રિષ્ના વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગીત અને વક્તવ્ય રજૂ કરીને ગુજરાતી ભાષાના વારસાને વાગોળ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષકોએ વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું.









# વિજ્ઞાન દિવસની ઉજવણી













## ચિત્ર સ્પર્ધાનું આયોજન



## G–૨૦ અભિમુખતા અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા








# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં દિક્ષાંત સમારોહ યોજાયો





જનસેતુ પ્રતિનિધી લાખણી તા.૧૧

લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજયુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ ની પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો દિક્ષાંત અને શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના સંસ્મરણોને વાગોળ્યાં હતાં અને સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ બળવંતભાઈ પટેલ, ટ્રસ્ટી તેજાભાઈ પટેલ અને દલાભાઈ પટેલ સહિત સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.
















તા.લાખણી -જિ.બનાસકાંઠા
ધો.૧૦/૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત/શુભેચ્છા સમારોહ

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણીમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો

**(બનાસ ગૌરવ) તા.૧૪**

■ આજથી સમગ્ર ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે, ત્યારે લાખણી ખાતે આવેલા શ્રી ક્રિષ્ના એજ્યુકેશન કેમ્પસ સ્થિત શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં બોર્ડની પરીક્ષાનું સેન્ટર હોઈ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ હતી. બોર્ડની પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી, કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવીને બોલપેનની ગિફ્ટ આપી આવકારવામાં આવ્યા હતા. આજરોજ ધોરણ ૧૦ માં ગુજરાતી ભાષાનું પેપર હતું. એકંદરે પેપર



સરળ હોવાથી વિદ્યાર્થીઓ ખુશ જોવા મળ્યા હતા. શ્રી ક્રિષ્ના વિદ્યાલયમાં ૧૪ બ્લોકમાં ૩૭૩ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.









શિક્ષણ... સંસ્કાર... શિસ્ત...

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણી

## સ્થળ : નવા બસ સ્ટેન્ડની નજીક, જસરા રોડ, મુ.પો.તા-લાખણી



**પ્રવેશ ચાલુ જૂન-૨૦૨૩**

**F.Y./S.Y./T.Y.**

**:: એપ્લિકેશન સુવિધા ::**

*ક્વિઝ, ટેસ્ટ, પરીક્ષા, પરિણામ, સાહિત્ય તથા કોલેજની તમામ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થી પળે-પળે માહિતગાર*

### મુખ્ય વિષયો :

અંગ્રેજી | ગુજરાતી | ઈતિહાસ | સમાજશાસ્ત્ર

**ધોરણ ૧૨ માં ૮૦ કે તેથી વધુ PR વાળા વિદ્યાર્થીઓને MYSY અને NSP શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર.**









## કેમ્પસની સુવિધાઓ

- નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ.
- એપ્લિકેશનમાં પહેલા દિવસથી જ શૈક્ષણિક મટીરિયલ ઉપલબ્ધ.
- કોલેજમાં પ્રવેશતાં જ બહેનોના વાલીને ફિંગર પ્રિન્ટ મશીન દ્વારા SMS થી જાણ.
- વિદ્યાર્થીઓ માટે ફ્રી Wi-Fi સુવિધા.
- લાખણી તાલુકાની એકમાત્ર સંસ્થામાં NSS દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર.
- બહેનો માટે ફ્રી બસ પાસની સુવિધા.
- સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા સાથે CCTV કેમેરાથી સજ્જ કેમ્પસ.
- ૨૪ કલાક સિક્યુરિટીથી સુરક્ષિત અને પ્રદૂષણ મુક્ત કેમ્પસ.
- સમયાંતરે સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન.
- તમામ વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર.
- શૈક્ષણિક–સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતાની સાથે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરતી સંસ્થા.
- અદ્યતન સુવિધાયુક્ત લાઈબ્રેરી તથા ભૌતિક સુવિધાયુક્ત બિલ્ડીંગની સાથે પ્રાકૃતિક સૌંદર્ય અને નયનરમ્ય વાતાવરણમાં વિશાળ રમત–ગમતનું મેદાન અને પાર્કિંગની સુવિધા.

**આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે અમારી સંસ્થાની અવશ્ય મુલાકાત લો...**

**ઓનલાઈન પ્રવેશ મેળવવા માટે Web : www.krishnacollegelakhani.org**

**Mo. 94277 96321, 84019 52533, 99989 98242, 99792 13073**

પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ...

શિક્ષણ... સંસ્કાર... શિસ્ત...

# શ્રી ક્રિષ્ના વિદ્યાલય, લાખણી

## સ્થળ : નવા બસ સ્ટેન્ડની નજીક, જસરા રોડ, મુ.પો.તા-લાખણી



**પ્રવેશ ચાલુ જૂન-૨૦૨૩**

**ધોરણ ૧ થી ૧૨**

**:: એપ્લિકેશન સુવિધા ::**

*ગૃહકાર્ય, ક્વિઝ, ટેસ્ટ, પરીક્ષા, પરિણામ, સાહિત્ય તથા તમામ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થી અને વાલી માહિતગાર*

**પ્રાથમિક વિભાગ - ધોરણ ૧ થી ૮**

**માધ્યમિક વિભાગ - ધોરણ ૯ થી ૧૦**

**ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ - ધોરણ ૧૧ થી ૧૨**









## શાળાની સુવિધાઓ

- નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ.
- વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશતાં જ ફિંગર પ્રિન્ટ મશીન દ્વારા વાલીને SMS થી જાણ.
- એપ્લિકેશનની સુવિધા અને ખાસ સ્ટડી મટીરિયલ ઉપલબ્ધ.
- સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા સાથે CCTV કેમેરાથી સજ્જ કેમ્પસ.
- ૨૪ કલાક સિક્યુરિટીથી સુરક્ષિત અને પ્રદૂષણ મુક્ત કેમ્પસ.
- પ્રજ્ઞા વર્ગમાં ચિત્રો દ્વારા પ્રવૃત્તિમય શિક્ષણ.
- સમયાંતરે એકમ કસોટીનું આયોજન.
- સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓનું સમયાંતરે આયોજન.
- વિનામૂલ્યે પુસ્તક વિતરણની સુવિધા.
- બેસવા માટે શેતરંજી અને બેંચની સુવિધા.
- પ્રેરણા અને સંસ્કારોનું સિંચન કરતી ભાવવાહી પ્રાર્થના સભા.
- શૈક્ષણિક–સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતાની સાથે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરતી સંસ્થા.
- બાળકોમાં શિક્ષણની સાથે પાયાના સંસ્કારનું સિંચન કરી ઉત્કૃષ્ટ માનવ ઘડતરનું કાર્ય કરતી સંસ્થા.
- અદ્યતન સુવિધાયુક્ત લાઈબ્રેરી, પ્રયોગશાળા તથા ભૌતિક સુવિધાયુક્ત બિલ્ડીંગની સાથે પ્રાકૃતિક સૌંદર્ય અને નયનરમ્ય વાતાવરણમાં વિશાળ રમત–ગમતનું મેદાન અને પાર્કિંગની સુવિધા.

**આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે અમારી સંસ્થાની અવશ્ય મુલાકાત લો...**

**ઓનલાઈન પ્રવેશ મેળવવા માટે Web : www.krishnacollegelakhani.org**

**Mo. 94277 96321, 84019 52533, 99989 98242, 99792 13073**

પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ... પ્રવેશ ચાલુ...